# India-Uzbekistan Foreign Office Consultations

November 20, 2020

## ભારત-ઉઝબેકિસ્તાન વિદેશ કચેરીનાં પરામર્શો

નવેમ્બર 20, 2020

ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે 20 નવેમ્બર 2020 નાં રોજ વિદેશ કચેરીનાં પરામર્શોનો 14મો રાઉન્ડ વર્ચ્યુઅલ મોડમાં યોજવામાં આવ્યો હતો. ભારતીય પક્ષની આગેવાની સચિવ (પશ્ચિમ) શ્રી વિકાસ સ્વરૂપ દ્વારા કરવામાં આવી હતી. ઉઝબેક પક્ષની આગેવાની ઉઝબેકિસ્તાન ગણરાજ્યનાં પ્રથમ ઉપ વિદેશ મંત્રી મહામહિમ શ્રી ફરહોદ અર્ઝિયેવ દ્વારા કરવામાં આવી હતી.

આ પરામર્શો દરમિયાન, બન્ને પક્ષોએ રાજકીય, આર્થિક, સંરક્ષણ, વિકાસ ભાગીદારી, ક્ષમતા નિર્માણ, રાજદ્વારી બાબતો અને સાંસ્કૃતિક સહકાર સહિતનાં વિભિન્ન ક્ષેત્રોમાં સહકારની સમીક્ષા કરી હતી. ભારતીય લાઇન ઑફ ક્રેડિટ અંતર્ગત આવરી લેવામાં આવેલી ઉઝબેકિસ્તાનમાં પરિયોજનાઓનાં સમયસર અમલીકરણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

બન્ને પક્ષોએ પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું અને સંયુક્ત રાષ્ટ્ર તથા બહુપક્ષીય મંચોમાં  સહકાર વધારવા સંમત થયા હતા. બન્ને પક્ષોએ કોવિડ-19 મહામારી દ્વારા ઉભાથયેલા પડકારો પર પણ ચર્ચા કરી હતી અને તેની અસર નાબૂદ કરવાનાં માર્ગો પર દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી.

બન્ને પક્ષોએ 3 ડીસેમ્બર 2020 નાં રોજ DVC ફોર્મેટમાં ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે વ્યાપાર, અર્થતંત્ર, વૈજ્ઞાનિક અને ટેકનોલોજિકલ સહકાર પર ઇન્ટર-ગવર્મેન્ટ કમિશનનાં આગામી સત્ર તરફ દ્રષ્ટિ માંડી છે. તેઓ પારસ્પરિક તારીખ પર વિદેશ કચેરીનાં પરામર્શોનો આગામી રાઉન્ડ યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**નવેમ્બર 20, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.